ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૧૧૫-૨૧૫૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૭/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધો-૧૦માં મૂકબધિર વિદ્યાર્થીઓ માટે વિષય પસંદગી બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૬૨૫૦, તા.૧૫/૦૬/૨૦૦૫
(૨) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૩/૨૦૨૬
(૩) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૦૫૭-૫૮, તા.૨૬/૦૫/૨૦૨૬
(૪) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૬/૨૦૨૬ નો પત્રક્રમાંક: ED/MIR/e-file/3/2026/3135/CHH

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્ર અન્વયે મૂકબધિર વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં જૂથ-૧માંથી ત્રણ ભાષાઓને બદલે એક પ્રથમ ભાષા (ઉચ્ચસ્તરીય ભાષા) પસંદ કરી શકે છે અને જૂથ-૨ના મરજિયાત વિષયો (ચિત્રકલા, સંગીત, કમ્પ્યૂટર અધ્યયન, યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ગૃહવિજ્ઞાન, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, શિવણ અને ભરત, વાણિજ્ય પરિચય, એલિમેન્ટ્સ ઓફ એન્જીનિયરીંગ)માંથી કોઈપણ એક વિષયને બદલે ત્રણ વિષય પસંદ કરી શકે છે પરંતુ ધોરણ-૧૦માં કુલ ૭ (સાત) વિષયો ફરજિયાત લેવાના રહેશે. આ જોગવાઈ હાલ અમલમાં છે.

વિશેષમાં જણાવવાનું કે અત્રેની કચેરીને મળેલી રજૂઆત અન્વયે મૂકબધિર વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં વિજ્ઞાન વિષયના વિકલ્પમાં અન્ય વિષય આપવા અંગે સંદર્ભ-(૨) થી કરવામાં આવેલ નિર્ણય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૩) દર્શિત પત્રથી સદર બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ-(૪) દર્શિત શિક્ષણ વિભાગના પત્રથી સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૦ના વિષય માળખામાં મૂકબધિર વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની જોગવાઈનો અમલ કરવાનો રહેશે.

1. ધોરણ-૧૦માં મૂકબધિર વિદ્યાર્થી ઈચ્છે તો વિજ્ઞાન વિષયમાં મુક્તિ મેળવી શકે છે અને તેના વિકલ્પમાં જૂથ-૨ના મરજીયાત વિષયોમાંથી કોઈ એક વિષય અથવા વોકેશનલ શિક્ષણના વિષયોમાંથી કોઈ એક વિષય રાખી શકશે.
2. વિદ્યાર્થીએ ધોરણ-૧૦માં કુલ સાત વિષયો ફરજિયાત રાખવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

C:\Users\admin\Desktop\Darkhast\પત્ર All DEO\૧. પત્ર દરખાસ્ત મુદ્દા નં. 3.docx

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક શાળાઓ તમામ,
જિ. વડોદરા.

વા - જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા